પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૯/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૨૨૬

**સુવિચાર**

‘‘ભૂલો ગણવાથી નહી, ભૂલો અવગણવાથી સંબંધોની મધુરતા સચવાઈ રહે છે.’’

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

SINCE 1999
હરિૐ PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
શુધ્ધ ઘીના ચુરમા લાડુ
મોતીચુર લાડુ/બેસન લાડુ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## તાજેતરમાં ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં થયેલ નિર્ણય મુજબ

# અરે વાહ : લીલીયા મોટામાં પીજીવીસીએલ દ્વારા ‘‘ટીસી’’ની મરામત કરાઈ

**હીરા ઉદ્યોગમાં અનિયમિત વીજળી મળતી હોવાથી સતત રજૂઆત બાદ કામગીરી શરૂ**

**પીજીવીસીએલનાં ટોપ ટુ બોટમ સુધીનાં અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરીથી સૌ ખૂશ**

**જનપ્રતિનિધિઓ જનતા અને અધિકારી વચ્ચે સેતુરૂપ બને તો અનેક સમસ્યા દૂર થાય તેનું ઉદાહરણ**

**હીરા ઉદ્યોગનાં અગ્રણીઓએ ધારાસભ્યની કામગીરીથી પણ ખૂશી વ્યકત કરી**



લીલીયા મોટા, તા. ૫

લીલીયા વિસ્તારના તેમજ લોકોની સુખાકારીની સતત ચિંતા કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં થોડા દિવસો પહેલા લીલીયા મોટા પી.જી.વી.સી.એલ. કચેરી ખાતે ડાયમંડ એસોસિએશનના લગત પ્રશ્નો બાબત એક બેઠક બોલાવવામાં આવેલ. જે બેઠકમાં પી.જી.વી.સી.એલ અધિકારી પરીખ, દાફડા, પોકીયા તેમજ લીલીયા પી.જી.વી.સી.એલ. અધિકારી સી.કે. દેવમુરારી સહિતના પી.જી.વી.સી.એલ. વિભાગના કર્મચારીઓની ઉપસ્થિતિમાં ડાયમંડ એસોસિએશનને લગત પ્રશ્નો બાબતે બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેને લઈને લીલીયા પી.જી.વી.સી.એલ. અધિકારીની દેખરેખ નીચે લીલીયાના તમામ ટી.સી. પર મેન્ટેનન્સ કામગીરી હાથ ધરવામાં આવી. જેમાં ટી.સી. ના ડીયા, પીનો બદલવી ટી.સી. ના કનેકશન બદલવા અને લીલીયા શહેરમાં જનરલ ટી.સી. મેન્ટેનન્સ કરવા માટે અલગ અલગ વિસ્તારોમાંથી ટીમો બોલાવી આ સુંદર કામગીરી કરવામાં આવી જેને લઈને લીલીયા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ ધામત દ્વારા તેમજ તમામ પી.જી.વી.સી.એલ. અધિકારીઓ તેમજ મેન્ટેનન્સમાં જોડાયેલા તમામ કર્મચારીઓનો લીલીયા ડાયમંડ એસોસિએશન વતી આભાર માનવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં સુવિધાનો અભાવ જોવા મળ્યો

# અમરેલીનાં હાર્દસમા ‘‘એસબીઆઈ’’ વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલયને મહિનાઓથી અલીગઢી તાળુ મારી દેવાયુ

**સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયાનાં આંધણ બાદ પરિણામ શૂન્ય**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૫

અમરેલીનાં હાર્દમાં વિસ્તાર નાગનાથ ચોક નજીક આવેલ એસબીઆઈની દીવાલને અડીને આવેલ જાહેર શૌચાલયને છેલ્લા ઘણા મહિનાઓથી અલીગઢી તાળુ મારી દેવાતાં સૌ કોઈ શાસકોની નિષ્ક્રીયતા નજરે નિહાળી રહ્યા છે.

એક તરફ સ્વચ્છતા અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ, કરોડો રૂપિયાની જાહેરાત, શાકોનાં સફાઈ કરતાં હોય તેવા ફોટોસેશન બાદ પણ વાસ્તવિક રીતે સ્વચ્છતાનો હંમેશા અભાવ જોવા મળે છે. જો કે શહેરમાં મોટાભાગનાં જાહેર શૌચાલયો નર્કાગારની સ્થિતિમાં જ જોવા મળી રહ્યા છે. જાહેર શૌચાલય એટલે ગંદકીથી તરબતર એવું સૌ માને છે.

શહેરીજનો પાલિકાથી લઈને પાર્લામેન્ટ ચલાવવા માટે દર વર્ષે લાખો રૂપિયાનાં વિવિધ કરવેરા સરકારી તિજોરીમાં જમા કરાવે છતાં જનતાને સુવિધા મળતી નથી તે હકીકત છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ
ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં
રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

:: સ્વર્ગવાસ - બેસણું ::

સ્વ.શ્રી નાનુભાઈ શંભુભાઈ પાનસુરીયા ( ઉ.વ.૭૫ )
સ્વ.તા. ૦૪-૦૯-૨૦૨૫, ગુરૂવાર,સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૨
દિલગીરી સાથ જણાવવાનું કે, અમારા પૂ.પિતાશ્રી નાનુભાઈ શંભુભાઈ પાનસુરીયા (ઉ.વ.૭૫)નું તા.૦૪/૦૯/૨૦૨૫ ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.પરમ કૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે એજ પ્રભુ પાસે પ્રાર્થના
:: સદ્‌ગતનું બેસણું ::
મું. ચકકરગઢ, અમારા નિવાસસ્થાને
તા.૦૬/૦૯/૨૦૨૫, શનિવાર
સવારે ૮:૦૦ થી ૫:૦૦ કલાકે રાખેલ છે
લી. શોકાતૂર
મહેશભાઈ નાનુભાઈ પાનસુરીયા
ભીખાભાઈ શંભુભાઈ પાનસુરીયા
નાનજીભાઈ શંભુભાઈ પાનસુરીયા
દિલીપભાઈ ભીખાભાઈ પાનસુરીયા
આશિષભાઈ ભીખાભાઈ પાનસુરીયા
કમલેશભાઈ નાનજીભાઈ પાનસુરીયા
જતીનભાઈ નાનજીભાઈ પાનસુરીયા
મનોજભાઈ બાલુભાઈ પાનસુરીયા
જીજ્ઞેશભાઈ બાલુભાઈ પાનસુરીયા
યશકુમાર મહેશભાઈ પાનસુરીયા
મો. નં. ૯૪૨૬૧ ૦૭૮૭૮ / મો.નં. ૮૮૪૯૪ ૮૯૬૭૧

### ભાવનગર પ્રાદેશિક કમિશ્નર

# ચલાલા નગરપાલિકાની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા

## ગંદા પાણીના જથ્થા અને દેખરેખ રાખવા કમિશ્નરે સુચના આપી



અમરેલી, તા. ૫

પ્રાદેશિક કમિશનર, ભાવનગર ઝોન, ધવલ પંડ્યા દ્વારા અમરેલી જિલ્લાની ચલાલા મુલાકાત લેવામાં આવી હતી.

ચલાલા ખાતે ઘન કચરાના નિકાલની ડમ્પ સાઈટ, ગંદા પાણીના શુધ્ધિકરણ કરતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની, પીવાના પાણીના શુધ્ધિકરણ માટેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની, અમૃત ૨.૦ યોજના અંતર્ગત પ્રગતિ હેઠળના બગીચાની સાઈટની, નગરપાલિકા હસ્તકના શાકમાર્કેટ બિલ્ડીંગની, આઈકોનિક રોડ યોજના હેઠળ ચલાલા બસ સ્ટેન્ડથી અમરેલી રોડ નવીનીકરણના કામ વગેરેની સાઈટ વિઝિટ કરવામાં આવેલ અને કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ.


ઘન કચરાના નિકાલની સાઈટની વિઝિટ દરમિયાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગતના કામોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવેલ અને ઘન કચરાના પ્રોસેસિંગ પ્લાન્ટ ઝડપથી શરૂ થાય તે માટે બાકીના કામો પૂર્ણ કરવા અને અહીં પડેલ જૂના વાહનોનો યોગ્ય નિકાલ કરવા કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી. સાથે ઘરે ઘરેથી કચરો ઉઠાવવાનું કામ યોગ્ય રીતે કરવા અને મિલકત દીઠ પૂરતા પ્રમાણમાં વાહનો મુકાવવા જણાવ્યું. શહેરમાં જો ઘરે ઘરેથી કચરો ઉઠાવવાનું કામ યોગ્ય રીતે થાય તો શહેરમાં કચરાનું પ્રમાણ ઘટાડી શકાય તેમ સૂચન કરવામાં આવ્યું અને સવારના સમયમાં જ કચરો ઉઠાવવાનું કામ પૂરૂ થાય તે જોવા જણાવ્યું.

ગંદા પાણીના શુધ્ધિકરણ માટેના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમિયાન અહીં આવતા ગંદા પાણીના જથ્થા અને શુધ્ધિકરણ થયા બાદના પાણીના જથ્થા અંગે ચર્ચા કરવામાં આવી અને પાલિકા ઈજનેરને આ બાબતનું મોનીટરીંગ રાખવા સૂચન કરવામાં આવ્યું. ઉપરાંત શહેરમાં ગટરવેરો દાખલ કરવા અને જો કોઈ મિલકતનું જોડાણ ગટરલાઈન સાથે કરવાનું બાકી હોય તો તેનો સર્વે કરી તાત્કાલિક જોડાણ કરવા જણાવ્યું.

### સ્મશાન જેવી પવિત્ર જગ્યામાં પણ બાંધકામમાં ભ્રષ્ટાચાર

# બગસરામાં સ્મશાનનાં નવિનીકરણ કાર્યમાં પણ સત્તાધીશોની મીઠી નજર તળે ગેરરીતી થયાનો આક્ષેપ

## પાલિકાના વિપક્ષી નેતા જમાલભાઈ સરવૈયાએ પોલ ખોલી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરા પાલિકાએ ભ્રસ્ટાચારની હદ વટાવી દીધી હોય તેમ અનેકરોડના કામોમાં ભ્રસ્ટાચાર આદરેલ છે તેમજ હાલમાં ચાલી રહેલ માધવ સ્મશાનને રીનોવેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સ્મશાનવામાં પ્રાર્થના હોલ, સ્મશાન છાપારી અને બ્લોકનું કામ કરવામાં આવ્યું છે. ત્યારે આ કામ શ્રીજી ઈનફ્રાસ્ટ્રકચર અમરેલી દ્વારા કરવામાં આવેલ છે. જયારે આ કામની કિંમત ૩૩ લાખ જેવી માતબર રકામના ખર્ચે આ કામ રાખવામાં આવેલ છે. ત્યારે આ કામના પાયામાં જુના તૂટેલા રોડના તોડા તેમજ કાંકરી અને કોરી સિમેન્ટ નાખવામાં આવે છે. ત્યારે આ કામમાં માલ બનાવીને નાખવાનો હોય છે પરંતુ કાચું મટીરીયલ નાખવામાં આવે છે જેના લીધે આ કામ નબળી ગુણવતા વાળું થઈ રહ્યું છે તેવું જાણવા મળતા વિરોધ પક્ષના નેતા જમાલ સરવૈયાએ આ કામની પોલ ખોલવામાં આવી હતી ત્યારે પાલિકાના અધિકારીઓએ આ કામનું ચેકિંગ કરવામાં પણ આવ્યું ત્યારે આ ખરેખર નબળી ગુણવત્તા વાળું કામ હોવાના લીધે પાયામાંથી કાચું મટીરીયલ બહાર કાઢ વામાં પણ આવ્યું હતું અને કામ બંધ કરવામાં આવ્યું હતું. જયારે આ બાબતની લોકોમાં જાણ થતા પાલિકા ઉપર લોકો થું થું કરવા લાગ્યા હતા. લોકોનો અંતિમ આસરો હોય ત્યાં પણ પાલિકાના કોટ્રાકટરએ ભષ્ટાચાર આદરી હદ વટાવી દીધી હતી આવા કોટ્રાકટરને પાલિકા બ્લેકલિસ્ટમાં મૂકે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### મોટા ઉપાડે સરકારે તાજેતરમાં ઓનલાઈન કામગીરી તો શરૂ કરી

# અમરેલી પાલિકામાં છેલ્લા ૧૦ દિવસથી જન્મ–મરણની નોંધણી ઓનલાઈન બંધ થતાં અરજદારો પરેશાન

## દેશની માલિક ગણાતી જનતાને જ વધારે પરેશાની ભોગવવી પડે છે

અમરેલી, તા. ૫

એક તરફ સરકાર દ્વારા જન્મના પ્રમાણપત્રમાં આખા નામ અપડેટ કરવાની કાર્યવાહીમા અરજદારોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબુર કરેલ છે ત્યારે બીજી તરફ જન્મ મરણના નવા દાખલા માટે કેન્દ્ર સરકારના સી.આર.એસ પોર્ટલ ઉપર જ નોંધણી કરવાની સરકારની બેવડા ધોરણની કાર્યવાહી ૧ લી સપ્ટેમ્બરથી બંધ પડેલ હોવાથી અરજદારો મુશ્કેલીમાં સપડાયેલ છે. ઓનલાઈન સિસ્ટમમાં પણ સરકારે અરજદારોને લાઈનોમાં ઉભા રહેવા મજબુર કરી દીધેલ છે.

અમરેલી નગર પાલિકામાં જન્મ મરણના દાખલા કાઢવાની કામગીરી છેલ્લા દશેક દિવસથી બંધ કરવામાં આવેલ છે. જન્મ મરણના કાયદા મુજબ જયા બાળકનો જન્મ થયેલ હોય ત્યાં જ નોંધણી થાય છે જયારે મરણના દાખલામા પણ જયા મરણ થયેલ હોય ત્યાં જ નોંધણી થાય છે. દૂર દૂરથી અમરેલી દવાખાને ડીલેવરી માટે આવતા લોકોને પોતાના જન્મેલા બાળકનો જન્મનો દાખલો લેવા અમરેલી નગર પાલિકા કચેરીમાં ધરમના ધક્કા ખાવાનો વખત આવેલ છે. પહેલા જન્મના દાખલામાં પ્રથમ ફકત બાળકનું નામ લખવામાં આવતું હતું. હવે સરકારના દશેક માસ પહેલાના નવા ફતવા મુજબ પ્રથમ બાળકનું નામ મિડલ પિતાનું નામ અને છેલ્લે અટક લખાવી જુના દાખલા અપડેટ કરાવવા અરજદારોને કતારમા ઉભા રહેવા મજબુર કરેલ હતાં. આવા અપડેટ કરેલા દાખલા મેળવવા અમરેલી નગર પાલિકામા હાલ ટોકન સિસ્ટમ કરવામાં આવેલ હતી. જેમાં દૂર દૂરથી જન્મનો દાખલો લેવા આવેલ અરજદાર મોડો આવે તો ટોકનથી વચિત રહેતા દાખલો મળતો નથી જે કામગીરી છેલ્લા દશેક દિવસથી બંધ કરવામાં આવતા સો સો કિલોમીટર દૂરથી દાખલા અપડેટ કરાવવા અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વખત આવેલ છે.

બીજી તરફ ૧ લી સપ્ટેમ્બરથી કેન્દ્ર સરકારના સી.આર.એસ પોર્ટલ ઉપરજ જન્મ મરણના દાખલા કાઢવાના સરકારના આદેશથી છેલ્લા ચાર દિવસથી નવો પ્રોગ્રામ ચાલુ ન થતા અરજદારોને સરકારની બેવડા ધોરણની નીતિ સામે ખાવા પડતા ધરમના ધક્કા સામે ભારે આક્રોશ છવાયેલ છે. સરકારની અણઘડ નીતિ સામે અરજદારો જન્મ મરણની નોંધણી કરાવવા અને દાખલા કઢાવવા મુશ્કેલીમાં સપડાયેલ છે. ખાસ કરીને બહાર ગામથી આવતા અરજદારોને પારાવાર મુશ્કેલી સહન કરવાનો વખત આવેલ છે. સરકાર દ્વારા પોતાનું પોર્ટલ સંપૂર્ણ રીતે કાર્યરત થાય ત્યારે જ અમલવારી કરવા અરજદારોમાંથી માંગણ ઉઠેલ છે. મોટા ઉપાડે નવા પોર્ટલની જાહેરાત કરી દીધા બાદ છેલ્લા ચાર દિવસથી પોર્ટલ જ બંધ રહેતા સરકારની અણઘડ નીતિ સામે આમ જનતામા રોષની લાગણી છવાયેલ છે.

### ગણેશ વિસર્જન દરમિયાન

# જિલ્લા પ્રશાસન દ્વારા જનતાને તકેદારી રાખવા અનુરોધ કરાયો

## પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે વિસર્જન કરવા જાહેરાત

અમરેલી, તા. ૫

ગણેશ વિસર્જન દરમિયાન સલામતી માટે અમરેલી જિલ્લા પ્રશાસનનો અનુરોધ : શ્રદ્ધા સાથે ઉજવણી, જવાબદારી સાથે તકેદારી રાખવી જરૂરી.

અમરેલી જિલ્લામાં આવનારા ગણેશ વિસર્જન ઉત્સવને પ્રયાનમાં રાખીને જિલ્લા પ્રશાસન, પોલીસ તંત્ર તથા નગરપાલિકા દ્વારા જાહેર જનતાને વિશેષ તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગણેશ વિસર્જન સમયે નદી, તળાવ કે સરોવર પર જતા સમયે ખાસ સાવચેતી રાખવી, બાળકોને એકલા પાણીના કિનારે ન મુકવા, બોટ અથવા વાહન વ્યવહાર દરમિયાન જીવનરક્ષક જાકેટ પહેરવા તથા ભીડભાડવાળા સ્થળોએ શિસ્ત જાળવી રાખવાની વિનંતી કરવામાં આવી છે.

સાથે જ શ્રદ્ધાળુઓને વિસર્જન સમયે ડીજે, બેન્ડ વગાડતી વખતે અવાજનો ધોરણ મર્યાદિત રાખવા તથા પર્યાવરણને નુકસાન ન થાય તે માટે પ્લાસ્ટિક, થર્મોકોલ તથા કેમિકલ રંગોથી દૂર રહી કુદરતી માટીના ગણેશજીની પ્રતિમાઓનો ઉપયોગ કરવા પણ આગ્રહ કરવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થાની દષ્ટિએ પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

જિલ્લા પ્રશાસનએ જાહેર જનતાને અનુરોધ કર્યો છે કે ઉત્સવ શ્રદ્ધા, આનંદ અને એકતા સાથે ઉજવવામાં આવે, પરંતુ સાથે સાથે પોતાની તથા સમાજની સલામતી માટે નાનામાં નાની તકેદારી લેવી જરૂરી છે. શ્રધ્ધા સાથે ઉજવણી કરીએ, પણ જવાબદારી સાથે સંકલ્પ લઈએ.

### સાવરકુંડલા ખાતે

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં ૩૩૯મો નેત્રનિદાન કેમ્પ યોજાયો

## ૭૦ દર્દીઓને તપાસ્યા બાદ ૧૫ દર્દીઓનાં ઓપરેશન કરાયા





સાવરકુંડલા, તા. ૫

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિના મૂલ્યે નેત્ર કેમ્પ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૩૯માં નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૭૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી. જેમાંથી કુલ ૧૫ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગરની આંખની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી. એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ૩૩૯માં વિના મૂલ્યે મહા નેત્રયજ્ઞનું દિપ પ્રાગટય સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી, સંસ્થાનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીના સાનિધ્યમાં ગુરૂકુળના સંત શુકદેવજી સ્વામી તથા વિરનગર હોસ્પિટલના ડોકટર સાથે કરવામાં આવેલ.


નેત્રકેમ્પના યજમાન પદે ઓસ્ટ્રેલિયાના બ્રિસબેનમાં રહેતા નયના શીતલકુમાર પટેલ હસ્તે મોમ્બાસાના શામજી ભગત દ્વારા રાખવામાં આવેલ. નેત્રયજ્ઞને સફળ બનાવવા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનાં કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીનાં વડપણ હેઠળ ગરૂકુળના સંત શુકદેવજી સ્વામી સાથે સંસ્થાના કર્મચારીઓએ જેહમત ઉઠાવી હતી, અને આવનાર તમામ દર્દી નારાયણને ચા, નાસ્તો આપવામાં આવેલ હતો.


આદુ–મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧


### ગણેશ મહોત્સવમાં અનોખું આકર્ષણ

# સાવરકુંડલાના ગણપતિ બન્યા લખપતિ

## છેલ્લા ૨૦ વર્ષથી ઉજવાય છે ગણેશ મહોત્સવ







અમરેલી, તા. ૫

દુનિયાભરમાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી ચાલી રહી છે. દરેક શહેર અને ગામમાં ભવ્ય શણગાર, મંડળોની ઝળહળાટ અને ભકોની ભીડ જોવા મળે છે. પરંતુ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં આ વર્ષે ગણપતિ મહોત્સવ કંઈક ખાસ બન્યો છે. અહીં ગણપતિ બાપાને ચલણી નોટોથી શણગાર કરવામાં આવ્યો છે અને કુલ ૨૫ લાખ રૂપિયાની કડકડતી નોટો વડે તેમને 'લખપતિ' બનાવાયા છે. આ દ્રશ્ય જોવા માટે શહેરભરમાંથી જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાંથી પણ ભકતો ઉમટી પડયા છે.

**સદભાવના ગ્રૂપની અનોખી ઉજવણી** સાવરકુંડલા ખાતે સદભાવના ગ્રૂપ છેલ્લા ૨૦ વર્ષથી શ્રદ્ધા અને ભકિતપૂર્વક ગણપતિ મહોત્સવ ઉજવે છે. દર વર્ષે તેઓ અલગ–અલગ શણગાર દ્વારા ભકતોને આકર્ષે છે. આ વર્ષે તેમણે નક્કી કર્યુ કે કડકડતી નવી ચલણી નોટોથી ગણપતિ બાપાનું અલૌકિક શણગાર કરવામાં આવે.

આયોજક રાજુ નાગ્રેચાએ જણાવ્યું કે આ શણગાર માટે એક માસથી તૈયારીઓ કરવામાં આવી હતી. કાર્યકર્તાઓએ દિવસ–રાત મહેનત કરીને ચલણી નોટોને સુંદર રીતે ગોઠવીને બાપાનું સ્વરૂપ સજાવ્યું હતું. રૂ. ૨૦ થી લઈને રૂ. ૫૦૦ સુધીની નોટોનો ઉપયોગ કરીને હાર, મુકુટ, હાથ અને પગ સુધી બાપાને શણગારવામાં આવ્યા હતા. ખાસ કરીને ૫૦૦ રૂપિયાની નોટોથી બનાવેલો મુકુટ અને ૨૦૦ રૂપિયાની નોટોથી બનાવેલો હાર દર્શનાર્થીઓમાં વિશેષ આકર્ષણ બન્યો.

**ભકતોમાં ઉત્સાહની લહેર** ગણપતિના આ અનોખા શણગારના દર્શન કરવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. દરેક દર્શનાર્થી વાહ વાહ પોકારી ઉઠયો અને ધન્યતા અનુભવી. દર્શનાર્થી પારૂલ ગૌસ્વામીએ જણાવ્યું કે, ''આવો શણગાર જીવનમાં પહેલી વાર જોવા મળ્યો છે. બાપાના દર્શનથી મનમાં અદભૂત શાંતિનો અનુભવ થયો.'' જયારે દયાબેનએ કહ્યું કે, ''ગણપતિ બાપા જેમ લખપતિ બન્યા તેમ સૌના ઘરમાં પણ સુખ–સમૃદ્ધિ આવે તેવા આશીર્વાદ માંગીએ છીએ.''

**૫ લાખથી ૨૫ લાખ સુધીનો સફર** સદ્ભાવના ગ્રૂપે ૧૫ વર્ષ પહેલા પહેલીવાર પાંચ લાખ રૂપિયાની ચલણી નોટોથી ગણપતિ બાપાનું શણગાર કર્યુ હતું. ત્યાર પછી દર વર્ષે તેમાં વધારો કરવામાં આવ્યો. આ વર્ષોમાં તે રકમ ધીમે ધીમે વધતી ગઈ અને આજે ૨૫ લાખ સુધી પહોંચી ગઈ છે. આ સફર માત્ર આર્થિક શકિત જ નહીં પરંતુ શ્રદ્ધા અને ભકિતનો પરિચય આપે છે.

**ધારાસભ્ય મહેશ કસવાલાની હાજરી** આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાળા પણ હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, ''સદભાવના ગ્રૂપે શ્રદ્ધા, સમર્પણ અને ટીમ વર્ક વડે અનોખો ઈતિહાસ રચ્યો છે. ગણપતિ બાપાના આશીર્વાદથી સાવરકુંડલા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં સમૃદ્ધિ આવે તેવી શુભેચ્છા વ્યકત કરૂ છું.''

**ટીમ વર્કનું પરિણામ** આયોજક રાજુ નાગ્રેચાએ જણાવ્યું કે, ''આ શણગાર પાછળ એક માસની સતત મહેનત અને સમગ્ર ટીમનો સાથ છે. દિવસ–રાત કામ કરીને અમે આ સ્વરૂપ તૈયાર કર્યુ છે. આ સફળતા પરમ પૂજય ઉષા મૈયાના આશીર્વાદ વિના શકય નહોત.''

**અનોખું આકર્ષણ** ગુજરાતમાં અનેક સ્થળોએ ગણપતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાય છે, પરંતુ સાવરકુંડલાના આ ૨૫ લાખ રૂપિયાના શણગારિત ગણપતિ બાપા અનોખું આકર્ષણ બન્યા છે. ભકતો માત્ર દર્શન કરવા જ નહીં પરંતુ આ પ્રસંગથી પ્રેરણા લેવા પણ આવે છે.

**અંતિમ પ્રાર્થના** દરેક ભકતે પ્રાર્થના કરી કે જેમ બાપા લખપતિ બન્યા છે તેમ દરેક ભકતના ઘરમાં સમૃદ્ધિ આવે, સુખ–શાંતિ વસે અને સમગ્ર ભારત દેશ પ્રગતિના માર્ગે આગળ વધે.

સાચા અર્થમાં, સાવરકુંડલાનો આ ગણપતિ મહોત્સવ માત્ર શણગાર પૂરતો નથી. આ એક શ્રદ્ધા, સમર્પણ અને એકતાનું જીવંત ઉદાહરણ છે. ૨૫ લાખ રૂપિયાની ચલણી નોટોથી શણગારેલા આ 'લખપતિ ગણપતિ' ભકતોમાં આશા, વિાસ અને આસ્થાનો સંદેશ પ્રસારે છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## જુલુસ દરમિયાન ઠેર-ઠેર ન્યાઝ, સરબતની વહેંચણી

# અમરેલી જિલ્લામાં ઈદે મિલાદુન્નબીની શાનદાર ઉજવણી કરાઈ

**હઝરત મોહમ્મદ પયંગબર સાહેબની ૧૫૦૦મી જન્મની ઈદે મિલાદની ઉજવણી**

**શહેરમાં વિશાળ જુલુસ કાઢવામાં આવ્યું લાખો લોકો જુલુસમાં જોડાયા**

**જુલુસમાં ઠેર ઠેર પીરે તરીકત સૈયદ દાદાબાપુ તેમજ નિઝામબાપુનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું**

**નફરત સામે મહોબ્બતનો પયગામ આપ્યો હતો**



અમરેલી, તા. ૫

અમરેલીમાં ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત મોહમ્મદ સાહેબની પંદરસો મી ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી અને શહેરમાં વિશાળ જૂલુસ કાઢવામાં આવેલ હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો પોતાના બાળકો સાથે જોડાયા હતા. જુલુસ દરમ્યાન ઠેર ઠેર ન્યાજ, કેક સહિતની વહેંચણી કરવામાં આવી હતી.

ઈસ્લામ ધર્મના આખરી પયગંબર હજરત મોહમ્મદ સાહેબની પંદરસો મી જન્મ જયંતી (વિલાદત) જશનેઈદેમિલાદએનબીનીસમગ્રદેશમાં અનેદુનિયામાંઆજે તા. ૫ સપ્ટેમ્બરના રોજ મનાવામાં આવી હતી. હઝરત મહંમદ (સ.અ.વ.) આ દૂનિયામાં આવ્યા તેની સાથેજ સમગ્ર માનવ જાત માટે (રહેમત) રહેમદિલ બનીને આવ્યા હતા તેમણે મહિલાઓ સાથે અન્યાય તેમજ મહિલાને સન્માન આપવું, અમીર–ગરીબનો ભેદભાવ તેમજ નફરતની સામે મહોબતનો પયગામ આપ્યો હતો. સમગ્ર માનવજાત માટે તેમણે ઈન્સાફ, ન્યાયને ઉપરનો દરજ્જો આપ્યો હતો. હઝરત મહંમદ સાહેબે દુનિયા માટે મહોબતનો પેગામ અને માનવતાવાદી કાર્ય સાથે લોકોને સાચી દિશા બતાવી હતી. હઝરત મોહમ્મદ સાહેબને રહેમતુલ આલમીન કહેવામાં આવે છે એટલે કે સમગ્ર દુનિયા માટે રહેમદિલ બનીને આવ્યા હતા એટલે જ આખરી પયગંબર હજરત મોહમ્મદ સાહેબની જન્મની સમગ્ર દુનિયામાં જસને ઈદે મિલાદુન્નબી તરીકે ઉજવાઈ છે. સમગ્ર ભારત સાથે અમરેલીમાં પણ હઝરત મહંમદ સાહેબની જન્મની જયંતિની (વિલાદત) ઉજવણી કરાઈ હતી. જેમાં સવારે જુમ્મા મસ્જિદ શાહ ગોરાનીડેલીખાતેથીનિશારેહુશેનકમિટી દ્વારા એક વિશાળ જૂલુસ પીરે તરીકત સૈયદ દિલાવરબાપુ ચિશ્તી (રહે.) ના પુત્રો સૈયદ દાદાબાપુ તેમજ પીરે તરીકત સૈયદ નિઝામબાપુ ચિશ્તીની આગેવાનીમાં કાઢવામાં આવ્યું હતું. આ જુલુસમાં મુસ્લિમ બિરાદરો પોતાના બાળકો સાથે સામેલ થયા હતા. જુલસ દરમ્યાન ઠેર ઠેર ન્યાઝ, કેક, સરબત, ચોકલેટ સહિતની વસ્તુઓની વહેંચણી કરવામાં આવી હતી. આ જુલુસના રૂટ દરમ્યાન સૈયદ દાદાબાપુ અને પીરે તરીકત સૈયદ નિઝામબાપુ ચિશ્તીનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું, તેમને ફુલહાર કરવામાં આવ્યું હતું. આ જુલુસ જુમ્મા મસ્જિદથી ટાવર, શાક માર્કેટ થઈ બહારપરા ચોક ટાવર થઈ જુમ્મા મસ્જિદએ સમાપન થયું હતું અને ત્યાં વાએજ તકરીરનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો.

**વીજપડી**

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આજરોજ વીજપડી મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબી નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા જુલુસનો કાર્યક્રમ યોજાયો હતો.

વીજપડી સુન્ની મુસ્લિમ ટ્રસ્ટનાં આગેવાનો દ્વારા જુલુસને સવારે દસ કલાકે વીજપડી જુમ્મા મસ્જિદેથી પ્રસ્થાન કરાવવામાં આવેલ હતું.

વીજપડી હાશ્મી ગ્રુપની અથાગ રાત દિવસની મહેનતથી બાર દિવસ સુધી જુમ્મા મસ્જિદે દરૂદ ખાની મિલાદ તેમજ માં ફાતેમા ચોક ખાતે ઓરતો દ્વારા બાર દિવસ દરૂદ ખાની મિલાદ કમિટી દ્વારા રાખવામાં આવેલ. તેમજ યુવા ઈસ્લામિક ગ્રુપની રાત દિવસ ધંધા રોજગાર બંધ રાખી અથાગ મહેનતથી ગુંબદે ખજરાનો રોઝો તૈયાર કરવામાં આવેલ. હાશ્મી ગ્રુપ દ્વારા ન્યાઝ તેમજ જુલુસ દરમિયાન ખડે પગે સેવા આપવા આવી હતી.

જુલુસ જુમ્મા મસ્જિદ, ઈકબાલભાઈ ચાવડાની ઘરે, ઈલીલાપીરની દરગાહ, શિલુભાઈ ઝાંખરાનાં ઘરે તેમજ હસની ચોક, ફાતેમા ચોક, હુસેની ચોક, બસ સ્ટેન્ડ અને જુમ્મા મસ્જિદે પુર્ણ કરવામાં આવેલ હતું.

મોલાના સાહિબુલ હક્કનાં માર્ગદર્શન મુજબ યોજવામાં આવેલ જુલુસ દરમિયાન ચોક વાઈઝ ચા, પાણી, શરબત, આઈસ્ક્રીમ ન્યાઝ સ્વરૂપે આપવામાં આવેલ હતું.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટાફ દ્વારા સરાહનીય અને પ્રશંસા લાયક બંદોબસ્ત જાળવ્યો હતો. તેમ સમીર ખોખરે જણાવેલ હતું.

**લીલીયા મોટા**

લીલીયા શહેરમાં ઈદ એ મિલાદ ઉન નબીના પવિત્ર તહેવાર ધાર્મિક ઉત્સાહ અને આનંદભેર ઉજવાયો. ઠેર ઠેર ઠંડા પીણા, નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી, ઈદે મિલાદનું જુલૂસ કોમી એકતા અને ભાઈચારાથી સામાજિક સૌહાર્દનો સંદેશ પ્રસર્યો. લીલીયા શહેરમાં આજે ઈદ એ મિલાદ ઉનન્નબીનો પવિત્ર તહેવાર હર્ષોઉલ્લાસ અને ધાર્મિક આસ્થાભેર મનાવવામાં આવ્યો. વહેલી સવારે મસ્જિદોમાં ફઝરની નમાજ અદા કરાઈ હતી. હઝરત મહંમદ પયગંબર સાહેબના જીવન ચરિત્ર અને ઉપદેશોને યાદ કરીને તેમના આદર્શોનું અનુસરણ કરવાનો સંકલ્પ લેવામાં આવેલ. શહેરના મુખ્ય માર્ગો પર શાંતિપૂર્ણ રીતે ઈદ એ મિલાદનું જુલૂસ નીકળ્યુ, જેમાં બાળકો અને યુવાનો બેનરો તથા ઝંડાઓ સાથે જોડાયા હતા તથા સામાજિક સેવા કાર્યો પણ યોજાયા. જેમાં સુન્ની મુસ્લિમ સમાજના એકથી પાંચ ધોરણ ભણતા વિદ્યાર્થીઓને આ તહેવાર નિમિત્તે પ્રોત્સાહિત ઈનામ આપી સન્માનિત કરાયા. આ અવસરે શહેરમાં સૌહાર્દ, ભાઈચારો અને એકતાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક આગેવાનો તથા રાજકીય આગેવાનો જુલૂસમાં જોડાયા હતા. જેમાં લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા, ભીખાભાઈ ધોરાજીયા, કેપ્ટન ધામત સહિતના રાજકીય આગેવાનો, વરિષ્ઠોએ પણ હાજરી આપી સૌને તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. જુલૂસ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેવા શુભ હેતુથી લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુકે દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.































# મગર આવ્યો મદદે

નંદનવન અને કાનનવન વચ્ચે એક મોટું તળાવ આવેલું હતું. તળાવના એક કાંઠે નંદનવન હતું, અને તળાવના બીજા કાંઠે કાનનવન આવેલું હતું.

તળાવ એટલું મોટું હતું કે નંદનવન અને કાનનવન સાવ અલગ જ પડી જતાં.

નંદનવનમાં શેરસિંહ રાજ કરે. તે બહુ માયાળું હતો અને સાથે કડક પણ એટલો જ હતો.

શેરસિંહે જાહેર કર્યુ કે, ‘‘તળાવમાં કોઈએ કચરો નાખવો નહીં. તળાવનું પાણી સ્વચ્છ જ રહેવું જોઈએ. તળાવના કિનારે કોઈએ ગંદકી કરવી નહીં.’’

મગર, માછલી, કાચબા, દેડકાં, કરચલા વગેરે પ્રાણીઓને સ્વચ્છ પાણીને કારણે ખૂબ મઝા પડતી. તેમને પૂરતો ખોરાક પણ આપવામાં આવતો.

તળાવ કિનારે ઘણા વાનરો પણ રહેતા. ઘટાદાર વૃક્ષો હોવાથી તેમને પણ કોઈ સમસ્યા નહોતી.

જયારે કાનનવનનો રાજા ક્રૂરસિંહ મોજશોખ અને એશોઆરામમાં જ માનતો. રાજયમાં શું ચાલેછે તેની પણ દરકાર ન હતી.

ક્રૂરસિંહની ધાક ન હોવાથી લોકો તળાવમાં ગટર ઠાલવતા. કચરો તળાવ કિનારે નાખી જતાં. વરસાદ પડતાં આ બધો કચરો તળાવમાં ભળતો.

કાનનવન બાજુના તળાવમાં રહેતાં પ્રાણીઓ ગંદકીથી ત્રાસી ગયા હતાં. મોટા ભાગનાં પ્રાણીઓ નંદનવન બાજુના તળાવના ભાગમાં જ રહેવા લાગ્યાં. કાનનવનના લોકો વાનરને ખૂબ હેરાન કરતા. ઘટાદાર વૃક્ષો પણ બહુ બચ્યાં ન હતાં. વાનરોનો મોટો સમુદાય નંદનવનના તળાવ કિનારે હિઝરત કરી ગયો હતો. ક્રૂરસિંહ આ બધી બાબતોથી સાવ અજાણ હતો.એક વખત કાનનવનમાં નંદનવનમાંથી એક બગલો આવ્યો. બગલો તેના મિત્રને ત્યાં આવ્યો હતો.

બગલાને તેનો મિત્ર ક્રૂરસિંહના દરબારમાં લઈ ગયો. બગલાએ ક્રૂરસિંહ સામે નંદનવનનાં ખૂબ વખાણ કર્યાં. આ વખાણ ક્રૂરસિંહ પચાવી ન શક્યો.ક્રૂરસિંહે રાજયસભામાં એલાન કર્યુ કે, ‘‘જેમ બને તેમ જલદી નંદનવન પર આક્રમણની તૈયારી કરો. આપણે તેનો સારો પ્રદેશ પડાવી લઈએ. અને શેરસિંહને કેદખાનમાં પૂરી દઈએ.’’ બગલો ઝડપથી રાજસભામાંથી ઊડી ગયો અને તળાવ કિનારે આવી ગયો. તેની ઉદાસી જોઈને વાનરથી ન રહેવાયું.

વાનરે પૂછ્યું કે, ‘‘બગલાભાઈ, કેમ ઉદાસ છો ?’’

## જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત



બગલાએ ક્રૂરસિંહની બધી વાત કરી અને નંદનવન પર સંકટ આવી પડયું છે તેમ કહ્યું.

થોડીવાર વિચારી વાનરે તળાવમાં રહેતાં બધાં પ્રાણીઓને બોલાવ્યાં. તેઓને ઝડપથી સભામાં હાજર થવા કહેવડાવ્યું.એકાદ કલાક પછી વાનરે કહ્યું કે, ‘‘ક્રૂરસિંહ નંદનવન પર આક્રમણ કરવા જઈ રહ્યો છે. નંદનવન સારૂ રાજય છે. ત્યાં સુશાસન છે. આપણે સારી રીતે રહેવું હોય તો નંદનવનને બચાવવું જ પડશે.’’‘‘પણ કેવી રીતે બચાવશું ? તે પણ જણાવો.’’ કાચબો બોલ્યો.‘‘તો સાંભળો.’’ વાનર બોલ્યો,‘‘મગર ખૂબ જ તાકતવર પ્રાણી છે. હું મગરને વિનંતી કરૂ છું કે ક્રૂરસિંહ જયારે તળાવના મધ્યભાગમાં પહોંચે ત્યારે, તમારા આખા કુટુંબે મળીને હોડીને સૈનિકો સહિત ઉથલાવી નાખવી. આથી ક્રૂરસિંહ સહિત સૈનિકો તળાવમાં પડી જશે. પછી કરચલા અને મોટી મોટી માછલીઓએ તેને ખૂબ ડંખ દેવા.‘‘મગરે ક્રૂરસિંહનો પગ પકડીને તેને નંદનવનને બદલે ઘસડીને કાનનવનના કિનારે લઈ જવો. ત્યાં ગંદકીમાં તેને થોડી વાર સબડાવવો.’’ વાનરની યોજના સાંભળીને બધાં પ્રાણીઓ ઉત્સાહમાં આવી ગયાં. નેક કાર્યમાં પોતે ભાગીદાર બનવાનાં છે એ વાતથી તેઓ ખૂબ આનંદિત હતાં.

બે દિવસ પછી ક્રૂરસિંહ નંદનવન પર આક્રમણ કરવા હોડીમાં બેસીને સૈનિકો સહિત તળાવના મધ્ય ભાગમાં પહોંચ્યો. યોજના મુજબ મગરે તેના કુટુંબ સાથે મળીને હોડીને ઊંધી પાડી દીધી. બધા સૈનિકો બચાવો... બચાવો... કરવા લાગ્યા. મગરે ક્રૂરસિંહને ઓળખીને તેનો પગ મોઢામાં લઈ લીધો. ક્રૂરસિંહને ઢસડતો ઢસડતો મગર કાનનવનના કિનારે લઈ આવ્યો. કિનારે કીચડ અને કચરો જોઈને તેને કંઈક થવા લાગ્યું. મગરે તેને કીચડમાં ખૂબ રગદોળ્યો.ક્રૂરસિંહ બચાવો... બચાવો... તેવી બૂમો પાડવા લાગ્યો. વાનરે કહ્યું કે, ‘‘હું એક શરતે તમને બચાવી શકું એમ છું. તે તમને મંજૂર હોય તો કહો.’’

‘‘તમારી જે પણ શરત હોય તે માનવા હું તૈયાર છું. પણ મને જલદી બચાવો.’’ ક્રૂરસિંહ બોલ્યો.વાનરે કહ્યું કે, ‘‘નંદનવન પર કયારેય આક્રમણ કરવાનું નહિ અને નંદનવન બાજુ જેવું ચોખ્ખું તળાવ છે તેવું જ ચોખ્ખું તળાવ આ કિનારે પણ રાખવાનું. તો હું વિનંતી કરીને તમને છોડાવી શકું.ક્રૂરસિંહે સાચા હૃદયથી માફી માગતાં મગરે તેને છોડી દીધો.બીજા દિવસે ક્રૂરસિંહ, શેરસિંહને મળ્યો અને તેની માફી માંગી. ત્યાંની સ્વચ્છતા જોઈને તે ખૂબ રાજી થયો અને પોતાના રાજયને પણ આવું જ સ્વચ્છ બનાવશે તેવું વચન પણ આપ્યું.

**– પ્રકાશ કુબાવત**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# જ્ઞાનમંજરી

(૧) નંદાદેવી શિખર કયા દેશમાં આવેલુ છે ? – ભારત
(૨) નંદાદેવી શિખરની ઊંચાઈ કેટલા મીટર છે ? – ૭,૮૧૭
(૩) નંદાદેવી શિખર ભારતમાં આવેલુ છે કે નહી ? – હા
(૪) નાઈલ નદી કયા દેશમાં આવેલી છે ? – ઈજિપ્ત
(૫) નાઈલ નદીની લંબાઈ કેટલા કિમી છે ? – ૬૬૭૧ કિમી
(૬) એમેઝોન કયા દેશમાં આવેલો છે ? – બ્રાઝિલ
(૭) જોગના ધોધ કયા દેશમાં આવેલ છે ? – ભારત
(૮) જોગના ધોધની ઊંચાઈ કેટલા મીટર છે ? – ૨૫૩ મીટર
(૯) બ્રહ્મપુત્રા નદી કયા દેશમાં આવેલ છે ? – તીબેટ–ભારત
(૧૦) બ્રહ્મપુત્રા નદીની ઊંચાઈ કેટલા કીમી છે ? – ૨૯૦૦

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સમય વર્તે સાવધાન


ઘડિયાળમાં સેકંડ કાંટાને સરકતો કોણે નથી જોયો ? માત્ર ઘડિયાળમાં જ સમય, શાંત, સમથળ ગતિએ વહ્યા કરતો હોય છે, બાકી તેના જેવું તોફાની તત્ત્વ જગતમાં બીજું કોઈ નહીં હોય ! કયારેક હસાવે, કયારેક રડાવે, કયારેક ગુસ્સો કરાવે. કયારે રમતિયાળ બાળક બની ઝડપથી દોડી જાય, તો કયારેક તેની ચાલમાં વૃધ્ધજનની મંદગતિ ડોકાય. વ્હાલા સ્વજનો સંગાથે તેને પાંખો ફૂટે ને એકાંત રગશિયું ગાડું ચાલે ! વ્યાયામ માટે જેમને સમય મળતો નથી, તેમને હોસ્પિટલના બિછાને પૂરતો સમય મળી રહે છે !

# સિસોટી The Screamer

અહી તમે ઈચ્છો એટલા અવાજ કરી શકો છો અને વિજ્ઞાનના નામે

સાધન સામગ્રી ૨ ઈંચ ચોરસ પ્લાસ્ટિકનો કાગળ (૫ સે.મી.નો ચોરસ)

શું કરશો પાતળા પ્લાસ્ટિનો કાગળ અગુંઠો અને આંગળી વચ્ચે પકડીને ખેચી કડક કરો. તમારા હાથને મોઢાની




બરાબર સામે રોખો. ખૂબ જોરથી ખેચાયેલા પ્લાસ્ટિક પર ફુક મારો. હોઠને એકદમ નજીક રાખવા જેથી હવાને પાતણા પ્રવાહમાં ફુકી શકાયસિસોટી


શું થશે જયારે તમે પ્લાસ્ટિકની પટ્ટી ઉપર ફુંક મારશો ત્યારે તેમાંથી તીવ્ર અવાજ પેદા થશે. આવો અવાજ ભયંકર હશે સાંભળ્યો છે કયારેય જો તેમને ભયંકર અવાજ ન સંભળાય તો

પ્રયોગની પાંખે – વિજ્ઞાન નગરી – પ્રકાશક: શ્રી બળવંત પારેખ

પ્લાસ્ટિકની પટ્ટી અને તમારા મોઢા વચ્ચેનું અંતર ઘટાડો જેથી પટ્ટી સાથે ફુંક સરખી રીતે અથડાય.

શા માટે તમારા હોઠમાં થઈને નીકળતી હવાને કારણે પ્લાસ્ટિકની પટ્ટીનો બીજો છેડો ધ્રુજશે. પ્લાસ્ટિકની પટ્ટી એકદમ પાતળી હોવાથી ધ્રુજારી ખૂબ ઝડપથી થશે. જેટલી ધ્રુજારી વધારે ઝડપથી થશે તેટલો ધ્વનિ તીવ્રથશે.ક

# અશ્વારૂઢ પ્રતિમા : મહારાજા સયાજીરાવ ગાયકવાડ



વડોદરા સંસ્કારી અને ઉત્તમ કલા નગરી તરીકે જાણીતું છે. તેમાંય રળિયામણો અને મનમોહક ‘‘કમાટી બાગ’’ તેની શાન અને શોભા છે. તેની સામે આવેલો ચાર રસ્તાનો વિસ્તાર ‘કાલા ઘોડા’ તરીકે જાણીતો છે. તેનો પ્રાચીન અને પ્રભાવશાળી ગૌરવવંતો ઈતિહાસ જાણવા જેવો અને રસપ્રદ છે. ‘મહારાષ્ટ્ર’નું કવલાણા નામનું ગામ. ત્યાંના નિરક્ષર ખેડૂતનો પુત્ર. તેનો જન્મ તા. ૧૮/૩/૧૮૬૩માં થયો હતો. કાદવમાં ઊગેલું કમળ, દેવ કે દેવીના શિરે દેવીના ચરણમાં શોભા આપે છે. તેમ આ ભાગ્યશાળીના જીવનમાં બન્યું. વડોદરા રાજયનો ગાદીવારસ ન હતો. તેથી મહારાણી જમનાબાઈએ ગોપાળ રાવ ગાયકવાડને દત્તક લઈને ગાદી ઉપર બેસાડેલા. (૨૭ મે ૧૮૭૫) ત્યાર પછી ગોપાળરાવનું નામકરણ કરવામાં આવ્યું: ‘સયાજીરાવ ગાયકવાડ.’ રાજયાભિષેક કર્યા પછી મહારાણીએ તેમને અભ્યાસ માટે વિદેશ મોકલેલા. ત્યાં તેમણે વિદેશની સંસ્કાર–સંસ્કૃતિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.‘ દેશભકત, નીડર, સમભાવી અને પ્રજાવત્સલ રાજા સયાજીરાવ ગાયકવાડે ગાદી ગ્રહણ કરી. તેમણે પ્રથમ વખત વડોદરા રાજયમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરેલું. તેમનું જ્ઞાનવર્ધનનું કામ અજોડ હતું. તેમણે પ્રખ્યાત લેખકો પાસે ઉત્તમ પુસ્તકો લખાવેલા. તેમજ ગામેગામ પુસ્તકાલયો શરૂ કરાવેલાં.’ પુસ્તકાલય નામનું સામયિક શરૂ કરાવેલું. તેની જવાબદારી મોતીભાઈ અમીનને (વસો) સોંપવામાં આવેલી. તેમણે રાજયમાં સામાજિક સુધારણા, કલા અને હુન્નરનો અપૂર્વ વિકાસ કર્યો. તેથી તેમનો સૂર્ય સમો પ્રભાવ જનહૃદયમાં કાયમી બનેલો. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના પચ્ચીસ વર્ષના શાસનકાળ દરમિયાન પ્રજાને સુખ અને શાંતિનો સરસ અહેસાસ થયો. વડોદરા રાજયની ભાવુક તેમજ કદરદાન પ્રજાએ તેમના પ્રત્યે પ્રેમ અને પૂજયભાવ પ્રકટ કરવા તેમનું સ્મૃતિ સ્મારક રચવાનો દઢ નિશ્ચય કર્યો. મહારાજા સયાજીરાવ ગાયકવાડની ‘આરૂઢ’ પ્રતિમા બનાવવા માટે રાજયની પ્રેમાળ પ્રજાએ અને ઉત્સાહી કર્મચારીઓએ પોણા લાખની રકમ ભેગી કરેલી. તે પ્રતિમા બનાવવાનું કામ શિલ્પકાર ફ્રાન્સીસ ડર્વેન્ટ વૂડને સોંપવામાં આવેલું. (લંડન) આબેહૂબ શિલ્પ પ્રતિમા બનાવવા માટે રાજા પોતે શિલ્પકાર સામે બેઠેલા. તેથી શિલ્પ કંડારવામાં ઘણો સમય લાગેલો. શિલ્પકારને પ્રતિમાનું મહેનતાણું સાઈઠ હજાર રૂપિયા આપવામાં આવેલું. મહારાજા પૂર્ણ અદાથી ઘોડા ઉપર બેઠા છે. એવું અદ્‌ભુત શિલ્પ આજેય સૌને મનોગમ્ય અને નયનરમ્ય લાગે તેવું. અજોડ ખૂબી ભરેલું...!

# કાચના ગોળાની કરામત ભાગ – ૪

## સુજલની સાહસકથા – નલિન મહેતા (પ્રકાશક : ભદ્રા મહેતા)

મારી સમક્ષ અહીંથી નાસી છૂટવા ઉપરાંત આપણા જહાજી બેડાનો વિનાશ અટકાવવાની સમસ્યા પણ હતી. મારાથી ત્રણેક ફુટ દૂર આવેલ સબમરીનની પાછલા ભાગમાંથી સમુદ્રમાં ઉતરતું બાકોઢં તો હતું પણ તે બંધ હતું. તેને ઊઘાડવા માટે મારે સબમરીનની અગ્રભાગમાં આવેલ ભંડકિયા સ્થિત સ્વીચ બોર્ડ સુધી પહોંચવું પડે.

પરંતુ એમ કરવા માટે મારે ખંજરસીંગ અને તેની બૂમરાણ સાંભળી એકઠા થયેલા નરરાક્ષસોનો સામનો કરવો પડે. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ એ વધુ સાવધ બનતો જણાયો અનેઅવારનવાર મારી તરફ ચૂંચી આંખે તાકતો રહ્યો. મને લાગ્યું કે મારે પટ્ટમપીલ્લેના વારાની રાહ જોયા સિવાય છૂટકો નહોતો.

હું જાણતો હતો કે પટ્ટમપીલ્લે મને કોઈ માયાવી વિદ્યાનો જાણકાર માનતો હતો. અહીં આવ્યા બાદ તે મારાથી દૂર દૂર રહેતો. મને ગોળામાં ઉતારવાના ઝમેલામાં પણ તેણે કશો ભાગ લીધેલો નહિ.

આખરે મારા ઈંતઝારનો અંત આવ્યો. ખંજરસીંગે સ્ટુલ પરથી ઊઠી આળસ મરડી અને એન્જિન રૂમ ભણી ચાલ્યો, અને થોડી વારે પટ્ટમપીલ્લેને લગભગ ખેંચી ઘસડીને લઈ આવી, સ્ટુલ ઉપર પરાણે બેસાડી સબમરીનની પાછળના ભાગમાં આવેલ એન્જિન રૂમમાં પેસી ગયો અને તેનું બારણું વાસી દીધું.

પારદર્શક ગોળામાંથી આ બધું નિહાળતાં મારા મનમાં એક યોજના આકાર લેવા માંડી. તેના અમલ માટે મેં ખંજરસીંગ ઊંઘી જાય ત્યાં સુધી રાહ જોવાનું નિરધાર્યું. આ ત્રીસ મિનિટ દરમિયાન પટ્ટમપીલ્લે સ્ટુલ ઉપર લાકડાની માફક ખોડાઈ રહ્યો. તેણે એક વાર પણ મારી તરફ જોયું નહિ.

તેથી જયારે એકદમ ઊભા થઈ, સડસડાટ કરતા ઉપર પહોંચી મેં ગોળાની પ્રવેશબારી ધધડાવતા ડાચીયું કર્યું ત્યારે સફાળા ઊઠવા જતાં પટ્ટમનો પગ સ્ટુલમાં અટવાયો અને તે પેસેજમાં ઊંધો પડ્યો. ત્યારબાદ પડતો–આખડતો તે સીધો એન્જિન રૂમ સુધી પહોંચ્યો અને બારણું ખખડાવવા લાગ્યો. હું ધીરેધીરે ગોળામાં નીચે ઉતર્યો અને પહેલાની સ્થિતિમાં લેટી ગયો. મારી ધારણા મુજબ થોડી વારે એન્જિનનું બારણું ખુલ્યું અને ઊંઘરેટી અવસ્થામાં આંખો ચોળતો ખંજરસીંગ બહાર નીકળ્યો. તેઓ બંને ગોળાની પ્રવેશબારી આગળ આવ્યા, અને મને યથાવત સ્થિતિમાં પડેલો જોઈ દિગ્મૂઢ બનેલા પટ્ટમપીલ્લને ખજરસીગ બે–ચાર લપડાક લગાવી દીધી. પછી ધુંઆફૂંઆ થતો એન્જિન રૂમમાં જતો રહ્યો અને જોરથી બારણું વાસી દીધું. કાચી ઊંઘમાં પડેલ વિક્ષેપ તેને પસંદ ના પડયો હોય તેમ જણાયું.

# આવો નવું જાણીએ

**વિદેશી પતંગો**

પતંગની શોધ ચીનમાં થઈ હતી. સૌપ્રથમ પતંગ મહોત્સવની શરૂઆત જાપાનમાં ૧૮૪૧માં થઈ અને ભારતમાં ૧૭૫૦માં પતંગ ઊડાવાતો હતો.

**તલ :**

તલ એ તેલીબીયાં છે અને મસાલામાં પણ વપરાય છે. તે સ્વાદમાં મીઠા, સ્હેજ તીખા–કડવા અને તૂરા છે. તાસીરે તે ગરમ છે. તલ ચીકણાં છે. તે પરમ વાતહર છે અને કોથહર એટલે સડો અટકાવનાર છે.

હસવાની મનાઈ છે.ટીચર : બોલ મોનુ ડોકટર આપરેશન કરતાં પહેલાં દર્દીને બેભાન કેમ કરે છે ?




મોનુ : બેભાન ના કરે તો દર્દી પણ આપરેશન શીખી જાય, તો પછી ડોક્ટર પાસે ફરીથી કોઈ જાય જ નહીં ને !





**ટપાલ ટિકીટ કથા :** વાંસળીવગાડતા શ્રીકૃષ્ણની આ ટપાલ ટિકિટ ૧૯૬૬માં જાપાને પ્રસિધ્ધ કરી હતી જે એક પ્રાચીન જાપાની પ્રતિમાની પ્રતિકૃતિ છે. જાપાનમાં હિન્દુ સંસ્કૃતિનાં સંકેતો મળે છે. ત્યાં કૃષ્ણની પૂજા થતી હતી. ત્યાં નારાયણ કેંગો–રિકિશી અથવા કોંગો–રિકિસી અથવા નિયો તરીકે ઓળખાય છે. વિષ્ણુ ચીન અને જાપાનમાં ‘તાઈહેકી’ નામથી જાણીતા છે. શ્રી કૃષ્ણને ઓન્જો બોસાત્સુ અથવા બોધિસત્વ તરીકે પણ ઓળખાવામાં આવ્યા છે.

આ ટપાલ ટિકિટ પર દર્શાવેલ પ્રતિમા જાપાનના નારા શહેરના નારા પાર્કમાં તોડાઈ–જી મંદિરના એક વિશાળ લાકડાના હાલમાં સ્થિત છે. કાંસાની ધાતુથી બનેલી આ પ્રતિમાની ઊંચાઈ ૧૫ મીટર છે.

# પૂ. રવિશંકર મહારાજ : તપશ્ચર્યાનું સુખ

પદયાત્રામાં દાદા કયાંય પોતાને માટે વિશેષ સગવડ કરવા ન દે. યજમાનને ત્યાં જે ભોજન બનાવ્યું હોય તે ખાઈ લેવું, યજમાન સુવાડે ત્યાં સૂવું અને બેસાડે ત્યાં બેસવું એ દાદાનો નિયમ. ‘મારે અમુક જોઈએ, અમુક ન જોઈએ, મને અમુક ભાવશે ને અમુક નહિ ભાવે’ એવું તો દાદાને મોઢે તો ઠીક મનમાં પણ ન આવે.

એક દિવસ એક આદિવાસી ગામમાં અમારો બપોરનો મુકામ હતો. સખત ગરમીના દિવસો હતા. આદિવાસી યજમાને જે ઓરડો આપ્યો હતો તેને





ન કોઈ બારી કે ન કોઈ રીતે પવનની અવરજવર. દાદાએ મને ટપાલ લખવા કહ્યું. દસ મિનિટમાં હું તો પરસેવે રેબઝેબ થઈ ગયો. દાદા રૂમાલ રાખે નહિ એટલે એમને પરસેવો લૂછવાનો પ્રશ્ન જ ન હતો. જયાં કોઈ પૂરી દસ મિનિટ પણ ન બેસે ત્યાં દાદાએ પૂરા ત્રણ કલાક બેસીને કાંત્યું અને મેં ટપાલ વાંચી.

એ ત્રણ કલાકની તપશ્ચર્યા પછી દાદા ઊભા થયા ત્યારે બહારનો પવન કેટલો આહ્લાદક લાગતો હતો ! દાદાએ મારી સામું જોઈ મીઠું સ્મિત કર્યું. તેઓ મેન ભાષામાં કહી રહ્યા હતા કે તપશ્ચર્યા પછીનું સુખ આવું આહ્લાદક હોય છે.


# આ મારું ચિત્ર છે




કાલેણા તુષાર બી.
(ધોરણ–૧૦, દિપક હાઈસ્કુલ–અમરેલ)



વાળા ગોપી કિરણભાઈ
(ધોરણ–૧૧, ભારત મારૂ અભિમાન,રૂપાયતન પ્રા.શાળા)



ગોહિલ મથંક આર.
( ધોરણ–૯, રૂપાયતન પ્રા.શાળા)



ચાવડા અંજલી વિજયભાઈ
( ધોરણ–૧૦, નૂતન ભારત મારી નજર)

# કાંકચ મુકામે દુધાત પરિવારને સાંત્વના પાઠવતા આગેવાનો



પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતના કાકાના અવસાન બાદ કાંકચ મુકામે બેસણું રાખેલ જેમાં સામાજિક અને રાજકીય આગેવાનો સાંત્વના પાઠવી હતી. પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતના કાકાના અવસાન બાદ કાંકચ બેસણું રાખેલ હતું જેમાં રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ વેપારી ભાઈઓ તેમજ આજુબાજુના ખેડૂતો અને આગેવાનો ખૂબ જ મોટી સંખ્યામાં પ્રતાપભાઈ દુધાત અને તેમના પરિવારને સાંત્વના પાઠવવા આવ્યા હતા. જેમાં નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પૂર્વ કૃષિ મંત્રી ધીરૂભાઈ દૂધવાળા, પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડ, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ કથગરા, પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી, પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, પૂર્વ અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ જેનીબેન ઠુંમર, પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ શરદભાઈ લાખાણી, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ ભાજપ જિલ્લા પ્રમુખ હિરેનભાઈ હિરપરા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, આપ આદમીના પ્રમુખ નિકુલભાઈ સાવલિયા, આપ આદમીના આગેવાન કાંતિભાઈ સતાસીયા, ચતુરભાઈ ખૂટ, અરૂણભાઈ પટેલ, મનુભાઈ ડાવરા, ડી.સી. થોરડી, અશોકભાઈ ખુમાણ ઠવી, મગનભાઈ ઠવી, ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ સૂચક, ડી. કે. રૈયાણી, ટીકુભાઈ વરૂ, મુજફર સૈયદબાપુ, જીતુભાઈ વાળા, સંદીપ ધાનાણી, નરેશ દેવાણી, દલસુખભાઈ દુધાત, બહાદુરભાઈ બેરા, નીતિનભાઈ ત્રિવેદી, હાર્દિક કાનાણી, પીએમ ખેની, મનુભાઈ ચાવડા, મહેશભાઈ જયાણી, ઘનશ્યામભાઈ જયાણી, હસુભાઈ બગડા, ભુપતભાઈ સુડાસમા, હરિભાઈ સગર વગેરે સામાજિક અને રાજકીય અગેવનો દ્વારા સાંત્વના પાઠવી હતી.

## અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અપાયેલ બિયારણ સાથે લો કોસ્ટ ઈનપુટસનુ સુંદર પરિણામ



અમરેલી, તા. ૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા જુદા જુદા ગામે નિદર્શન માટે મગફળી જીજેજી ૩૨નું બિયારણ આપવામાં આવેલ, આ સાથે લો કોસ્ટ ઈનપુટસ જેવા કે રાઈઝોબીયમ, પીએચબી કલ્ચર તથા બ્યુવેરીયા બાસિયાના જીવાણુ ફૂગ આધારિત કીટનાશક પણ આપવામાં આવેલ. ખેડૂત મિત્રોએ આ કીટનાશક પાવડરનો ઉપયોગ કરેલ જેના સીધા જ પરિણામ ખેડૂતના ખેતરે જોવા મળ્યા જેમાં લશ્કરી તેમજ લીલી ઈયળો પર આ બ્યુવેરીયા બાસિયાના જીવાણુઓની અસર જોવા મળી. જમીનમાં કે છોડ પર છંટકાવથી લાંબા સમય સુધી અસરકારક રહે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીનાં વૈજ્ઞાનિકો દ્વારા ૨ સપ્ટેમ્બર ૨૫નાં રોજ બગસરા તાલુકાના નવા પીપરીયા ગામે ખેતરની વિજીટ કરતા ફુગવાળી સફેદ ઈયળ જોવા મળી જે અંગે ખેડૂતો સાથે વાત કરતા જાણવા મળ્યું કે આ બ્યુવેરીયા બેસીઆના પાવડરનો ઉપયોગ કર્યા પછી આ ઈયળો સફેદ ફૂગવાળી થઈ નિષ્ક્રિય થઈ જાય છે. પ્રતિ ૧૦ લીટર પાણીમાં ૫૦ ગ્રામ બ્યુવેરીયા મિશ્ર કરીને પાન ઉપર કીટકો દેખાય ત્યારે ૭–૧૦ દિવસનાં અંતરે ૨–૩ છંટકાવ વહેલી સવાર કે સાંજના સમયે કરવા. આની અસર ભેજવાળા માહોલમાં વધુ સારી જોવા મળે છે. રાસાયણિક કીટનાશક કરતા આ વધુ સુરક્ષિત અને પર્યાવરણ મિત્ર છે.


## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે ચિતલ રોડ રસ્તે આવેલ રે.સ.નં.૩૧ તથા ૩૨, સી.સ.નં.૨૬૨૮/૩ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ 'વેર્સ્ટનપાર્ક' નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૩/૫ પૈકી તથા ૩/૬ પૈકીની કુલ જમીન ચો.મી.૫૮–૨૪૦૦૫ વાળી મિલ્કત હાલના માલિક જાગૃતિબેન પ્રવિણભાઈ સેજુ તથા પ્રવિણભાઈ અમરશીભાઈ સેજુ પાસેથી ચંપાબેન ભાવેશભાઈ માધડ તથા ભાવેશભાઈ પીઠાભાઈ માધડે તા.૧૩–૦૮–૨૦૨૫ નાં રોજ અનુ.નં.૩૯૭૨ થી નોંધાયેલ લેખથી ખરીદ કરવાનું નકકી કરી બાનાખત રજીસ્ટ્રેશન કરાવેલ છે અને જેની રૂઈએ ચંપાબેન ભાવશેભાઈ માધડ તથા ભાવેશભાઈ પીઠાભાઈ માધડ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ ઉત્તરોત્તરના લેખો તેમજ તેની નકલો રજુ કરેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમાં જયસુખલાલ ભગવાનજી પોપટ, સુરેશચંદ્ર નાગજીભાઈ પોપટ, શ્રીમતિ પ્રભાવતી લક્ષ્મીદાસ સાદરાણી, શ્રીમતિ મીતા મુકેશકુમાર સાદરાણીએ ભાગીદારી પેઢીમાં સદરહું મિલ્કત ખરીદ કરેલ છે. ત્યારબાદ તા.૩૦–૦૩–૧૯૮૮ નાં રોજ ભાગીદારી છુટી કરવા અંગેનો અનરજીસ્ટર્ડ લેખ રજુ થયેલ છે તેમજ સદરહું મિલ્કતની વહેંચણીથી ભાગીદારી છુટીનો લેખ કરવામાં આવેલ છે.

સબબ ઉપરોકત ભાગીદારી લેખ તેમજ ભાગીદારી છુટી વહેંચણી લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૩ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા. ૦૫/૦૯/૨૦૨૫
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩
સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા (એડવોકેટ )**


પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીમાં હેડપોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ

પાલિકામાં આવન–જાવન કરતાં હોવા છતાં તેઓને માર્ગની સમસ્યા નજરે ચડતી ન હોય તો અંતરિયાળ વિસ્તારમાં શું હાલત હશે તે સમજી શકાય તેમ છે.

આગામી ૪ થી ૫ મહિનામાં પાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની હોવા છતાં પણ વર્તમાન શાસકો શહેરને સ્વચ્છ, સુંદર બનાવવા માટે કોઈ પ્રયાસ કરતાં નથી. કારણ કે તેઓને વિશ્વાસ છે કે શહેરીજનો પાસે કોઈ વિકલ્પ ન હોવાથી પુનઃ સત્તારૂઢ પક્ષને સત્તાનું સુકાન સોંપશે.

### સારહિ યુથ કલબનાં ગણેશોત્સવમાં

# અમરેલી શહેરનાં પ્રબુધ્ધ નાગરિકો બાપાની સમૂહ આરતીમાં ઉપસ્થિત રહ્યાં

### પોલીસ અધિક્ષક, ડો. ગજેરા સહિતનાંઓએ આરતીનો લાભ લીધો



અમરેલી, તા. ૫

સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા "ઓપરેશન સિંદુર" થીમ ઉપર ભવ્ય ગણેશ ઉત્સવ ૨૦૨૫નું સિનિયર સિટિઝન પાક અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ છે. ગુરૂવારે સાંજની આરતીમાં કલેકટર અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ગજેરા તથા ટીમ, અમરેલી સિટી પી.આઈ. વાઘેલા, અમરેલી તાલુકા પી.આઈ. જાડેજા, આહીર સમાજ, ભાટિયા સમાજ, ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, પ્રજાપતિ સમાજ, સગર સમાજ, લાયન્સ કલબ અમરેલી (મેઈન) તેમજ મહિલા મંડળોએ આરતીનો લાભ લીધો. સાથે સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણીના નેતૃત્વમાં સંસ્થા દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી અને આ મહોત્સવ "ઓપરેશન સિંદુર" થીમ બનાવવા દિલિપસિંહ ઠાકોર, ભાવેશ કાબરિયા, જીતુભાઈ બથવાર, મુકુંદભાઈ મહેતા, અંકુર માવદિયા, સાગર ગેડિયા, પ્રશાંત પરમાર, નિખિલ આસર, પૃથ્વી લેઉવા, સહદેવ મકવાણા, મુકેશ ડોબરિયા, હરેશ સુખડીયા, મુકેશ ચૌહાણ, કાળુભાઈ અકબરી, પ્રજ્ઞેશ બાજક, મયુર ખાનપરા, ભાવેશ વાળોદરા, તુષાર વાણી, નરેન્દ્રભાઈ પરમાર, હિતેષ સેજુ, કમલેશ સેજુ, અજય કાલેણા, લાલો કવા, ગૌરવ મહેતા, જીગ્નેશ દાફડા, ઉદયસિંહ રાજપુત, કિશોર આજુગીયા દિપેશ ગોહિલ, અજય રાઠોડ, ભગાભાઈ વ્યાસ, દેવેન્દ્ર ચાવડા, દિલીપ ડેર, નિતિન હિરાણી સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

### કોવાયા ગામે પિતા–પુત્રને

ના રોજ આઘેડે રૂપિયા ૫૦,૦૦૦ ખાતમાં જમા કરાવેલ હતા. તેમજ વધુ રોકાણ સારૂ ગત તા. ૪/૮/૨૫ ના રોજ આઘેડના દિકરા નીશીતને વાત કરતા નિશીતે પણ તેમના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતા નં.૧૬૨૩૦૧૫૧૦૨૪૮ બેંકના ખાતામાં આર.ટી.જી. એસ.થી રૂપિયા ૨૦,૦૦,૦૦૦ પ્રોક્રાફટ બિલ્ડર બેંક ઓફ બરોડાના ખાતા નં. ૨૧૪૬૦૨૦૦૦૦૧૩૨૫ માં જમાં કરાવેલ હતા. આમ અલગ અલગ રીતે કુલ રૂા. ૨૧,૦૦,૦૦૦ જમા કરાવી જેનાથી આઘેડને રૂા. ૭૧,૫૦૦ પરત આપી ઉપરોકત આરોપીઓએ અગાઉથી જ ગુનાહીત કાવતરૂ રચી ખોટી ટ્રેડીંગ લીંક મોકલી ખોટા ઈલેકટ્રોનીક પુરાવા બનાવી ટ્રેડીંગમાં સારો ફાયદો થશે તેવી લાલચ આપી છેતરવાના ઈરાદે રોકાણ કરવી વિસ આપી કુલ રૂા. ૨૦,૨૮,૫૦૦ રૂપિયાનુ રોકાણ કરાવી આઘેડ સહિતનાઓ સાથે ફ્રોડ કર્યાની આઘેડે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### દામનગરનાં સીતારામનગરમાં

## હડકાયા શ્વાને આતંક મચાવતા અનેકને લોહી લુહાણ કર્યા

### પાલિકાને રજૂઆત કરવા છતાં કાર્યવાહી ન થઈ

દામનગર, તા. ૫

દામનગર શહેરના સીતા રામનગર વિસ્તારમાં હડકાયા ાનનો આતંક અનેકને બચકા ભરી લોહી લુહાણ કર્યા હતા સ્થાનિક પાલિકા તંત્રને રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી નહિ કરાતા સ્થાનિકોમાં ભયનો માહોલ હડકાયા ાનને પકડી લોકોને ભય મુકત કરવામાં તંત્રને રસ નથી આર્થિક પછાત વસાહત રામ ભરોસે અનેક પરિવારોના નાના બાળકોને ગંભીર ઈજાઓ પહોંચાડી ચૂકેલ હકડાયા ાનથી સ્થાનિકોમાં ભય નાના મોટા સૌ કોઈ ઘર બહાર નીકળતા ડરી રહ્યા છે ત્યારે પાલિકાના સત્તાધીશો કેમ કોઈ કાર્યવાહી નથી કરતું ? ઉર્વશી નામક આ નાની બાળાને અનેક જગ્યાએ ગંભીર ઈજા પહોંચી છે ત્યારે પાલિકા તંત્ર એ યોગ્ય કાર્યવાહી કરી લોકોને ભય મુકત કરે તે જરૂરી છે.



# અમરેલી : શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી



અમરેલી ૫, સપ્ટેમ્બર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવીએ છીએ. શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ , ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ, જ્ઞાન શક્તિ રેસીડેન્સી સ્કૂલ ઓફ એકસેલન્સના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર શાળા સંચાલન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ વિષય શિક્ષક, પ્રિન્સિપાલ બની અભ્યાસ અને સહઅભ્યાસિક કાર્ય કરેલ, વિદ્યાર્થીઓમાં શિક્ષક બનવાનો અનેરો ઉમંગ દેખાય રહ્યો હતો. વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકામાં અનુભવ થયો કે શિક્ષકો ખૂબ જ મહેનતથી વિદ્યાર્થીઓને જે તે વિષયનું જ્ઞાન આપતા હોય છે. જેમાં વિદ્યાર્થીઓએ પણ તે જ્ઞાનને ગ્રહણ કરવા હંમેશા શિસ્ત સાથે આદર્શ વિદ્યાર્થી બની જ્ઞાન મેળવવું જોઈએ. આવી રીતે આજે સંસ્થાની તમામ શાળાઓમાં શિક્ષક દિનમાં ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક, પ્રિન્સીપાલ, સુપરવાઈઝર, નિર્ણાયક વગેરે બની અભ્યાસ કરાવેલ. જેમાં રેન્કર વિદ્યાર્થીઓ નિર્ણાયકો દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓને વર્ગ મુજબ રેન્ક આપવામાં આવેલ હતા. જેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. જેથી શિક્ષક દિન ખૂબ જ સારી રીતે ઉજવાયો અને વિદ્યાર્થીઓમાં દિવ્ય અનુભૂતિ થઈ હતી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન પોતાના જીવન દરમિયાન કોલેજ યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રિય પ્રોફેસર કુલપતિ ઉપરાંત, ત્રણ વર્ષ રશિયામાં ભારતના રાજદૂત તરીકે, દસ વર્ષ ભારતના ઉપરાષ્ટ્રપતિ અને પાંચ વર્ષ ભારતીય દ્વિતીય રાષ્ટ્રપતિ તરીકે, ચાર વર્ષ યુનેસ્કોની કારોબારી સમિતિના સભ્યો અને અધ્યક્ષ તરીકે મહત્વના હોદ્દા પર રહી અભુતપૂર્વ કામગીરી કરી હતી. વિશ્વના ૧૩ દેશોએ તો તેમને માનદ ડોકટરેટની પદવીથી નવાજયા હતા. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ સ્ટાફ અને વિદ્યાર્થીઓને શિક્ષકદિનના અભિનંદન પાઠવ્યા.

# બાબરામાં રઘુવીર સેનાએ વાજતે ગાજતે "રઘુવંશીકા રાજા" ગણેશજીને આપી વિદાય







બાબરા રઘુવીર સેના દ્વારા આ વર્ષે ગણેશ ઉત્સવ દરમિયાન 'રઘુવંશીકા રાજા' નું ભવ્ય આયોજન જલારામ મંદિર ખાતે યોજવામાં આવેલ હતું. સતત પાંચ દિવસના આ આયોજનમાં બાબરા રઘુવીરસેના દ્વારા દરરોજ સવારે સાંજે મહાઆરતી અને રાત્રે બાળકો માટે વિવિધ સ્પર્ધામઓ જેવી કે સંગીત ખુરશી, લીંબુ ચમચી, કોથળાદોડ, ફુગા ફુલાવવાની સ્પર્ધા, ફુગ્ગા ફોડવાની સ્પર્ધા, તેમજ લોહાણા સમાજના સમુહ રાસ ગરબા, સત્યનારાયણ ભગવાનની કથા, અન્નકુટ દર્શન, દીપમાળાના દર્શન, સમુહ મહાઆરતી સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને રઘુવીરસેના તરફથી સ્ટેશનરી કીટ આપી અને પ્રોત્સાહિત કરાયા હતા. બાપાનું આગમન વાજતે ગાજતે કરી અને બાપાની વિદાય પણ સૌ જ્ઞાતિજનોએ વાજતે ગાજતે કરી બાપા જલ્દી આવતા વર્ષે પધારે તેવી પ્રાર્થના કરી હતી. રઘુવીર સેના દ્વારા આયોજિત ગણેશ ઉત્સવમાં જય જલારામ ટ્રસ્ટ બાબરા, લોહાણા મહાજન બાબરા, વિરભાઈ માં સત્સંગ મંડળ ,તેમજ દાતાઓ અને બાબરા લોહાણા સમાજના પરિવારજનો પુરતો સાથ સહકાર મળેલો હતો. બાબરા રઘુવીરસેના દ્વારા જ્ઞાતિ સંગઠન અને જ્ઞાતિ એકતા માટે બાબરા લોહાણા સમાજના બાળકો માટે ભવ્ય સરસ્વતી સન્માન સમારોહ, ગણેશ ઉત્સવ તેમજ જ્ઞાતિ ઉપયોગી અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

### તાત્કાલીક વધારાનુ પેકેજ જાહેર કરો : ટીકુભાઈ વરૂ

## રાજુલા-જાફરાબાદ પંથકના ખેડુતો, યુવાનો સહિત સૌ કોઈને સરકાર દ્વારા સતત અન્યાય

### મહાકાય કંપનીઓ કાર્યરત છતાં પણ ખેડુતોને હક્ક મળતો નથી



અમરેલી, તા. ૫

રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ ૨૦૨૪ના અતિવૃષ્ટિ પેકેજમાં અમરેલી જિલ્લાના અન્ય તાલુકાના તમામ ગામોને સામેલ કરવામાં આવ્યા છે, પરંતુ રાજુલા તાલુકાના ફક્ત ૨૦ અને જાફરાબાદ તાલુકાના ફક્ત ૧૦ ગામોને જ સહાય આપવામાં આવી છે. આ ખુલ્લો અન્યાય છે. ભાજપ સરકાર સ્પષ્ટપણે પોતાના મતલબી રાજકારણ હેઠળ ખેડૂતોને પીડિત બનાવી રહી છે.

રાજુલા-જાફરાબાદ વિસ્તાર છેલ્લા ૨૫ વર્ષથી ભાજપને ખોબલે ખોબલે મત આપે છે, છતાં અહીંના ખેડૂતોને ક્યારેય યોગ્ય ન્યાય મળ્યો નથી. સહાય પેકેજ હોય, ખાતરનો પ્રશ્ન હોય, ઓનલાઈન નોંધણી હોય, રેશનકાર્ડના પ્રશ્નો હોય કે વીજળી કંપનીના ત્રાસ - દરેક બાબતે ખેડૂતો હેરાન-પરેશાન છે.

બીજી બાજુ, મોટી મોટી કંપનીઓ જેમ કે કોપર, નર્મદા, સીંટેક્સ, અલ્ટ્રાટેક, પીપાવાવ પોર્ટને સરકાર કરોડો રૂપિયાની સહાય અને સુવિધાઓ પૂરી પાડે છે, પરંતુ ખેતરમાં જીવ તોડ મહેનત કરનારા ખેડૂતોને તેમના હક્કનો લાભ નથી આપતી.

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો રાજુલા-જાફરાબાદના બાકીના તમામ ગામોને તાત્કાલિક અતિવૃષ્ટિ પેકેજમાં સામેલ કરી સહાય ચૂકવણી નહીં કરવામાં આવે, તો કોંગ્રેસ પક્ષ ખેડૂતોના હક્ક માટે તીવ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

### સાંસદ સુતરીયા રાજુલાની મુલાકાતે

## રવુભાઈ ખુમાણનાં નિવાસ સ્થાને બેઠક યોજાઈ

### તાલુકાનાં ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા



અમરેલી, તા. ૫

રાજુલા ખાતે ભાજપના અગ્રણી રવુભાઈ ખુમાણના નિવાસસ્થાને અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત સૌજન્યપૂર્ણ હતી. જેમાં રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

આ તકે માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ ,રાજુલા શહેર ભાજપ પ્રમુખ વનરાજભાઈ વરૂ, રાજુલા નગર પાલિકા ચેરમેન હેમનભાઈ વસોયા, અતુલભાઈ વાઘેલા, ડો. હિતેશભાઈ હડીયા, સાગરભાઈ સરવયા, પરેશભાઈ લાડુમોર, ગજુંભાઈ પરમાર, રજનીભાઈ જાળધાર, વનરાજભાઈ ધાખડા, રાજાભાઈ ધાખડા, જે ડી ભાઈ ધાખડા, જયદીપભાઈ કોટીલા ઉપસ્થિત રહ્યા.

### રફાળીયા વિસ્તારમાંથી ૧૫૫૯૩ દારૂની બોટલ, કન્ટેનર સહિત છ વાહનો જપ્ત

## ભેંસાણમાંથી SMC એ રૂા.૬૮.૬૪ લાખના દારૂ સાથે ૧.૧૬ કરોડનો મુદ્દામાલ ઝડપી લેતા ચકચાર

### અમરેલી અને જેતપુરના અમરનગરનાં બુટલેગરોએ દારૂ મંગાવ્યો હતો





જૂનાગઢ, તા.૫

જુનાગઢ જિલ્લાના ભેંસાણના રફાળીયા પાસેના વિસ્તારમાં મધરાતે દારૂના કટિંગ સમયે જ સ્ટેટ મોનીટરીંગ સેલલે ત્રાટકીને રૂપિયા ૬૮.૬૪ લાખના વિદેશી દારૂ તથા બિયર મળી કુલ ૧૫૫૯૩ બોટલ અને કન્ટેનર સહીત છ વાહનો મળીને કુલ રૂપિયા ૧.૧૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી અમરેલી સહિતના ૯ શખ્સો સામે ગુનો નોધાવ્યો છે, આ દારૂનો જથ્થો અમરેલી અને જેતપુરના અમરનગરના શખ્સે મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે.

આ બનાવમાં જૂનાગઢ જિલ્લાના ભેંસાણ પંથકમાં દારૂનું મોટેપાયે કટિંગ થવાનું હોય, આ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલને હકીકત મળતા ગત રાતે જ એસએમસીના પી.આઈ. આર.કે. કરમટા અને પીએસઆઈ વી.એન.જાડેજા સહિતના સ્ટાફે વોચ ગોઠવી જેતપુર-વિસાવદર, બગસરા હાઈવે ઉપર ભેંસાણના રફાળીયા ગામથી મારૂતિધામ ગિરનાર આશ્રમ પાસે ડાબી તરફ જતા કાચા વાડીના રસ્તે અંદર અઢી કિલોમીટર ઝાડી-ઝાંખરા વાળા ખુલ્લા પટ્ટમાં પોલીસ પહોંચી તો, અહી પોલીસને જોઈને દારૂનું કટિંગ કરી રહેલા ઈસમો નાસી ગયા હતા.

પોલીસને બનાવ સ્થળ પરથી એક કન્ટેનર, એક અશોક લેલન્ડ વાહન, એક મહિન્દ્રા એકસયુવી, એક હુન્ડાઈ આઈ ટ્વેંટી, સ્વિફ્ટ કાર અને ક્રેટા કાર મળીને કુલ છ વાહનો મળી આવ્યા હતા, જયારે સ્થળ પરથી કુલ ૬૮,૬૪,૯૦૦ ની કિંમતનો વિદેશી દારૂ - બિયરનો ૧૫૫૯૩ બોટલનો જથ્થો મળીને કુલ રૂા.૧,૧૬,૩૫,૯૦૦ નો મુદ્દામાલ કબજે કરીને કાર્યવાહી કરી હતી.

#### જપ્ત કરેલ વાહનો ટોઈંગ કરી ખેંચવા પડયા

સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફને જોઈને મધરાતે અંધારામાં દારૂનું કટિંગ કરી રહેલા વાહનોના ડ્રાઈવરોમાં નાસભાગ મચી જવા પામી હતી, જેમાં અમુક ડ્રાઈવરો વાહનમાં ચાવી મુકીને તો, અમુક ચાવી સાથે ભાગી ગયા હતા. જેને લઈને પોલીસને ચાવી વગરના વાહનોને ટોઈંગ કરીને ભેંસાણ પોલીસ સ્ટેશને લાવવા પડયા હતા. કન્ટેનરમાંથી પોલીસને ૨૦૦ લિટરના કાળા કલરના ખાલી બેરલો મળી આવ્યા હતા, સ્થળ પરથી મળી આવેલા વાહનો અંગે તપાસ કરતા તેની આરસી બુક ઉપરથી કન્ટેનર વલસાડનું, અન્ય ગાડીઓ માળીયાના જુથળ ગામની, મોડાસાની હોવાનું સામે આવ્યું છે, હાલ પોલીસે વાહનોના ડ્રાઈવરો સામે ગુન્હો દાખલ કર્યો છે, અને દારૂ દમણથી આવ્યો હોવાનું અનુમાન છે. કારણ કે, વાહનોમાંથી મળી આવેલા કાગળો પરથી એવું લાગી રહ્યું છે.

પોલીસ તપાસમાં આ દારૂનો જથ્થો અમરેલીના રોકડીયાપરામાં રહેતો કુખ્યાત ધર્મેશ મનુભાઈ વાળા અને જેતપુરના અમરનગરનો જયેન્દ્ર જીલુ બસિયા નામના શખ્સોએ ભાગીદારીમાં મંગાવ્યો હોવાનું સામે આવ્યું છે. સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તમામ મુદ્દામાલ કબ્જે કરીને અમરેલી અને જેતપુરના અમરનગરના બને શખ્સો અને છ વાહનોના ડ્રાઈવર તેમજ દારૂનો જથ્થો સપ્લાય કરનાર સહિતના નવ શખ્સો સામે ભેંસાણ પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

#### ધર્મેન્દ્ર વાળા હત્યા સહિતના ૨૨ ગુન્હામાં સંડોવાયેલ છે

દારૂ કેસના મુખ્ય આરોપી અમરેલીના રોકડિયાનો ધર્મેશ ઉર્ફે ધર્મેન્દ્ર વાળા અત્યાર સુધીમાં પ્રોહિબિશન, મારામારી, હત્યા સહિતના ૨૨ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકયો હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### રાજુલા શહેરમાં ભવ્ય ઈદ-એ-મિલાદની ઉજવણી

## રાજુલાનાં ગેબનશા પીરની દરગાહથી જુલુસનો પ્રારંભ થઈ તવક્કલનગરમાં સંપન્ન

### વિવિધ વિસ્તારોમાં ન્યાઝનું વિતરણ કરાયું



રાજુલા, તા. ૫

રાજુલા શહેરમાં દર વર્ષની આ વર્ષે જેમ પણ ઈદ-એ-મિલાદ નિમિતે ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું. ઈસ્લામ ધર્મના પેગંબર હઝરત મુહમ્મદના જન્મદિવસના પાવન અવસર પર મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થાય હતા. આ જુલુસ રાજુલા શહેરની ઐતિહાસિક ગેબનશા પીરાની દરગાહથી પ્રારંભ થયો અને તબક્કલનગર સુધી લઈ જવામાં આવેલ. આ જુલુસ યાત્રા દરમિયાન ડીજે, ઘોડા, બગી, ફોરવ્હીલ તથા આકર્ષક ફલોટસે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સમાજના નાના-મોટા, વૃધ્ધ-યુવાનો સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં મુસ્લિમ સમાજ દ્વારા ન્યાઝ (પ્રસાદી) વિતરણ માટે ખાસ સ્ટોલ્સ વિવિધ જગ્યા એ જુલુસના માર્ગ પર રાખવામાં આવ્યા હતા. જેથી લોકો ભાઈચારા સાથે પ્રસાદીનો લાભ લઈ શકે.

આ જુલુસમાં સંધિ જમાત, સિપાઈ જમાત, જોખિયા જમાત, જાખરા જમાત, મુખ્ય સિપાઈ જમાત ,ખોજા જમાત, વ્હોરા જમાત એટલે કે રાજુલા શહેરના તમામ મુસ્લિમ સમુદાય આજે આ જુલુસમાં બહોળી સંખ્યામાં હાજરી આપેલી તેમજ સાધુ સંતોએ પણ હાજરી આપી હતી અને સમસ્ત મુસ્લિમ સમાજ ધ્વારા સાધુ સંતોનું સન્માન કરવામાં આવેલ. આ જુલુસમાં રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામ લાખણોત્રા તેમજ રાજુલાના પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના અનેક મહાનુભાવો આગેવાનોએ હાજરી આપેલી. આ તમામનું આગેવાનોનું મુસ્લિમ સમાજના આગેવાનો ધ્વારા સન્માન કરવામાં આવેલું ત્યારે આજના આ કાર્યક્રમમાં રાજુલા પોલીસ ધ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલો. ત્યારે મુસ્લિમ સમાજના પ્રમુખ આરીફભાઈ જોખિયા ધ્વારા પણ રાજુલા પોલીસનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

### બગસરા ખાતે

## ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ નિમિત્તે મેઘાણી એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો

### હેમંત જોષીએ મેઘાણીનાં લોકગીતની રમઝટ બોલાવી



બગસરા, તા. ૫

બગસરા શિવગૃપ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૯મી જન્મજયંતિ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષનાં મેઘાણી એવોર્ડ પ્રસિધ્ધ લોકગાયક હેમંત જોષીને અર્પણ કરવામાં આવેલ આ કાર્યક્રમ અશ્વિનભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાને જયારે કાર્યક્રમનું ઉદ્દઘાટન સમૃધ્ધિ કવી સંજુભાઈ વાળાના વરદ્દહસ્તે કરવામાં આવેલ આ તકે મામલતદાર પ્રશાંત ભીંડી, વિવેક સ્વરૂપદાસ સ્વામી મંદીર હાજર રહેલ.

આ કાર્યક્રમમાં હેમંત જોષીએ મેઘાણીજીના લોકગીતો સાથે ગીત સંગીતની રમઝટ બોલાવી મેઘાણીજીના જીવન-કવનને યાદ કર્યા હતા. આ કાર્યક્રમમાં હરજીવનદાસ દાફડા, ચંદ્રહાસાભાઈ બસીયા, વિપુલભાઈ ભટ્ટી, ઈતેશભાઈ મહેતા, મહેન્દ્રભાઈ જોષી, મહેશભાઈ વ્યાસ, ગીરધરભાઈ સોલંકી, ડી.જી. મહેતા સહિતનાં વિવિધ સંસ્થાના આગેવાનો સાહિત્યપ્રેમીજનો, આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં લોકો ગીત સંગીતની મહેફીલ માણી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિવ ગૃપ બગસરાના પ્રમુખ નિતેષ ડોડીઆ દ્વારા કરવામાં આવેલ આ કાર્યક્રમનું સ્ટેજ સંચાલન કવી સ્નેહી પરમાર, દર્શનભાઈ ખાંદલ દ્વારા કરવામાં આવેલ.

હવે... બદલાશે સારવારની પરીભાષા
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જનની ઓપીડી-અમરેલીમાં
તા.૦૬/૦૯/૨૦૨૫, શનિવાર,સવારે ૧૨:૦૦ થી ૨:૦૦ સુધી
દર મહિનાના પહેલા શનિવારે નિયમીત મળશે.
- અકસ્માતને કારણે થતી મગજ,મણકા અને કરોડરજ્જુની ઈજાઓ
- મગજ અને કરોડરજ્જુની ગાંઠોની સારવાર તેમજ સર્જરી (માઈક્રોસ્કોપિક અને એન્ડોસ્કોપિક)
- મણકા, ગાદી અને કરોડરજ્જુની તકલીફો અને માઈક્રોસ્કોપિક સર્જરી (નાનો ચીરો મુકીને)
- જન્મજાત માથામાં પાણીનો ભરાવો અને કરોડરજ્જુની ખોડખાંપણ
- લોહીની નળીના ફુગ્ગાની સારવાર (એન્યુરીઝમ ક્લીપિંગ)
- ટ્રાઈજેમીનલ ન્યૂરાલ્જીયા
- લકવાની સારવાર ( પેરાલિસિસ ) - સ્ટીરિયોટેક્ટિક બાયોપ્સી

24/7 Emergency Services
ડો.શ્રુત દોશી (MBBS, MS, DrNB Neurosurgery)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## જયાંથી દરરોજ હજારો શહેરીજનો પસાર થતાં હોવા છતાં પણ

# અમરેલીમાં હેડપોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ નર્કાગારની હાલતમાં

**આશ્ચર્યજનક બાબત એ છે કે પાલિકા કચેરીની એકદમ નજીકમાં હોવા છતાં માર્ગ દયનીય હાલતમાં**

**પાલિકાનાં પદાધિકારીઓ અને કર્મચારીઓની પણ આ માર્ગ ઉપરથી અવરજવર છતાં કોઈને કાંઈ પડી નથી**

**બેફામ ગંદકી, રખડતા પશુઓ, કેબિનો અને રેંકડિયોનું વ્યાપક દબાણ હોય પસાર થવું મુશ્કેલ**

**પાલિકાનાં શાસકો તેની આસપાસનાં ૧૦૦ મીટરનાં વિસ્તાર પણ સ્વચ્છતા રાખી શકતા ન હોય દૂરનાં વિસ્તારની શું હાલત હશે**



અમરેલી, તા. ૫

અમરેલીની હેડપોસ્ટ ઓફિસનાંમાર્ગઉપરથીદરરોજહજારો શહેરીજનો પગપાળા કે વાહન ધ્વારા પસાર થઈ રહ્યા હોવાની સાથે પાલિકા કચેરીથી માત્ર ૩૦ મીટર દૂરથી શરૂ થતાં માર્ગ ઉપર ભયાનક ગંદકી, રખડતા પશુઓ, બિસ્માર માર્ગ, માર્ગ ઉપર કેબિનોનું દબાણ, જયાં ત્યાં જોવા મળતા કેબલથી શહેરીજનો માટે આ માર્ગ ઉપરથી પસાર વધુ મુશ્કેલ બન્યું છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, પાલિકાનાં પદાધિકારીઓ અને કર્મચારીઓ પણ આ માર્ગ ઉપરથી

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલા તાલુકાનાં

# કોવાયા ગામે પિતા-પુત્રને રૂપિયા ૨૧ લાખનાં શીશામાં ઉતારી દેવાયા

**પિતાએ ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના કોવાયા ગામે આવેલ ટાઉનશીપમાં રહેતા નિલેશભાઈ કનુભાઈ સોરઠીયા નામના ૫૩ વર્ષિય આધેડે સંગમ ડોટકોમ નામની વેબસાઇડમાં પોતાના લગ્નની પ્રોફાઈલ બનાવેલ હતી. જેમાં મુંબઈ રહેતા આરોપી કિર્તી કપુર, 'મેક આઈડીયાજ હેપેન' નામના વોટસએપ ગ્રુપના એડમીન અનુપમ તિવારી તથા પરણીતી જૈન નામના આરોપીઓએ અગાઉથી જ ગુનાહીત કાવતરૂ રચી ખોટી ટ્રેડીંગ લીંક મોકલી ટ્રેડીંગમાં સારો ફાયદો થશે તેવી લાલચ આપી છેતરવાના ઈરાદે રોકાણ કરાવી વિસ આપી આધેડે ગત તા. ૧૫/૭/૨૫ ના રોજ આરોપીએ આપેલ એકાઉન્ટમાં રૂપિયા ૫૦,૦૦૦ જમાં કરાવેલ હતા અને બાદમાં ચાર દિવસમાં આધેડના એકાઉન્ટમાં આરોપીએ રૂપિયા ૫૦,૦૦૦ના રૂા. ૭૧,૫૨૫ જમા કરાવી દીધા હતા. બાદમાં ગત તા. ૨૧/૭/૨૫ ના રોજ આ એકાઉન્ટમાંથી રૂપિયા ૭૧,૫૦૦ વિડ્રોલ કર્યા હતા. બાદમાં આરોપીએ આ આધેડને લાલચ આપી વિસમાં લઈ પ્રોક્રાફટ બિલ્ડર બેંક ઓફ બરોડાના ખાતા નંબર ૨૧૪૬૦૨૦૦૦૦૧૩૨૫ ની વિગત મોકલેલ હતી. જેમા ગઈ તા. ૩૦/૭/૨૫

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાંભા નજીક આવેલ

# કોટડા ગામે એકલવાયુ જીવન જીવતા યુવકે વાડીએ જઈ ગળાફાંસો ખાધો

**નાના એવા ગામમાં અરેરાટી ફેલાઈ**

અમરેલી, તા. ૫

ખાંભા તાલુકાના કોટડા ગામે રહેતા અનિરૂધ્ધભાઈ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા નામનાર ૬ વર્ષિય ખેડુત યુવક એકલવાયુ જીવન જીવતો હોય. જે વાતનું યુવકને લાગી આવતા તા. ૪ના રોજ સવારે ૭:૩૦ વાગ્યા પહેલા કોટડા ગામે પોતાની વાડીએ ગળાફાંસો ખાઈ યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલીમાં લીલીયા રોડ ઉપરની ઘટના

# કીડનીની બીમારીથી યુવતીએ ઘરમાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૫

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ શિવરેસીડેન્સીમાં રહેતી નિધીબેન જીતેન્દ્રભાઈ રાઠોડ નામની ૨૬ વર્ષિય યુવતીને માનસિક ચિંતા રહેતી હોય તથા કિડનીની બીમારીનાં કારણે કંટાળી જઈ ગત તા. ૪ના રોજ બપોરે ૧ વાગ્યે પોતાની મેળે પોતાના ઘરમાં પંખામાં હુંકમાં દુપટા વડે ગળાફાંસો ખાઈ જતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
95,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૫/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

જોઈએ છે
Sheetal ICE CREAM
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)